# મોડાસામાં પાણીના ત્રાસથી સતત પાંચમી વખતથી રોડ ચક્કાજામ

## આબેહયાદ અને સંજત સોસાયટીના લોકોએ કર્યો ચક્કાજામ : મોડાસા આર.ટી.ઓ. ઓફીસ તરફ જતો માર્ગ બંધ કરાયો : પોલીસે લાલ આંખ કરી મામલો થાળે પાડ્યો


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા. ૫

અરવલ્લીના મોડાસા શહેરના આબેહયાદ અને સંજત સોસાયટી વિસ્તારના લઘુમતી સમાજના લોકોએ તેમના વિસ્તારમાં તથા સ્કૂલમાં પાણી ભરાઈ જવાના અને રોગચાળાની દહેશતને લઈને ડુંગરવાડા રોડ તથા આર.ટી.ઓ. ચોકડી પર ચક્કાજામ કર્યો હતો. ત્યારે પાણીના ત્રાસથી કંટાળેલી મહિલાઓ તથા પુરૂષોએ ભારે દેખાવો કરી તંત્ર સામે બાંયો ચઢાવી હતી અને માર્ગ ખુલ્લો કરવા પોલીસને લાલ આંખ કરવી પડી હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની આબેહયાદ અને સંજત સોસાયટીના લઘુમતી વિસ્તારના લોકોએ સ્કૂલો તથા સોસાયટીઓમાં પાણી ભરાવા તથા રસ્તાઓથી સ્કૂલમાં બાળકોને મોકલવાના અને બાળકો ડૂબી જવાના ભય તથા પ્રાથમિક સમસ્યાઓ ને પુરી કરવા માટે આર.ટી.ઓ. ચોકડી પર આવતા જતા વાહનોને રોકીને ચક્કાજામ સર્જ્યો હતો. આ વિસ્તારમાં અસહ્ય ગંદકી અને પાણી ભરાવાની સમસ્યાને લઈને મહિલા તથા પુરૂષોએ ચોકડીની ચારો તરફ સાધનના ખડકલા કરી દીધા હતા. અને તંત્ર ઘોર નિંદ્રામાંથી બેઠુ થાય અને આ વિસ્તારના વરસાદના પાણીની પરિસ્થિતિ અને રોગચાળાના દેહશતને લઈ અને સ્કૂલમાં ભણતા બાળકો આ પાણીમાં ડુબી ન જાય તે ધ્યાનેને લે તેવું આ વિસ્તારના લોકો ઈચ્છી રહ્યા છે. જ્યારે ૮ થી ૧૦ વરસથી સુવિધાના નામે કઈ જ નથી થયું. અને સોસાયટીને પાસેથી નગરપાલિકાના વેરા સંપૂર્ણ વસુલ કરવામાં આવે છે જેના કારણે મહિલાઓએ ઝાંસી કી રાની નું રૂપ લઈ તંત્રને સામે પડી હતી.

રહિશો દ્વારા દસ વરસથી આ પાણીની મુશ્કેલીનો હલ ન નીકળવાના કારણે આજે પાંચમી વખત રોડ ચક્કાજામ કરી અને કાયદાને હાથમાં લીધો હતો. ત્યારે કાયદાના રક્ષક એવી પોલીસ ડી.વાય.એસ.પી., પી.આઈ., એસ.આર.પી. અને એલ.સી.બી. પોલીસની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી અને પબ્લિકને સમજાવતા મામલો ગરમાવાના કારણે પોલીસે લાલ આંખ કરી અને લોકોને તીતર-ભીતર કરી નાંખી હતી. અને ત્યાર બાદ આ લોકોનુ ટોળુ અને નગરપાલિકાના અધિકારીઓ અને પોલીસ કાફલો વરસાદના ભરાયેલા પાણીની મુલાકાતે ગયા હતા અને તંત્ર દ્વારા આ પાણી હવે પછી નહિ ભરાય તેવી ખાતરી આપતા રોષ શાંત થયો હતો. પરંતુ આ સ્કૂલ આજુબાજુ પાણી ભરાઈ જવાના કારણે અને તંત્રની બેદરકારીના લીધે ૫૦૦ બાળકો ભણતરથી વંચિત રહી જતા હોય તેવું દેખાઈ રહ્યું છે.

# ઊંઝાના શ્રમિકે જાતિના દાખલા માટે છેક મુખ્યમંત્રી સુધી અરજી કરી છતા પરિણામ શૂન્ય

## અરજદારની પરિવાર સાથે અનશન પર ઉતરવાની ચિમકી

ઊંઝા, તા. ૫

ઊંઝા શહેરમાં રહેતા એક સિંધી પરિવારના ગરીબ વ્યક્તિએ પોતાના સંતાનો માટે અભ્યાસના કામે જાતિનો દાખલો મેળવવા માટે મામલતદારથી માંડી રાજ્યના મુખ્યમંત્રી સુધી લેખિત રજૂઆતો કરવા છતાં છેલ્લા એક વર્ષથી દાખલો ન મળતાં પરિવાર સાથે અનશન પર ઉતરવાની ચિમકી આપી છે.

ઊંઝામાં રહેતા અને ફ્રુટની લારી ચલાવતા સિંધી ગોવિંદભાઈ લીલારામે પોતાના સંતાનોના શૈક્ષણિક હેતુ માટે ધાર્મિક લઘુમતી પૈકી ભાષાકિય લઘુજાતિના પ્રમાણ મેળવવા માટે ઊંઝા મામલતદાર કચેરી તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.)ની કચેરીમાં માગણી કરવા છતાં દાખલો મળતો નથી.

ઊંઝા મામલતદાર કચેરી તરફથી ભાષાકિય લઘુમતી અંગેનું પ્રમાણપત્ર મેળવવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.)ની કચેરીનો સંપર્ક સાધવા જણાવે છે. તો બીજી તરફ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની બંને કચેરીઓમાં દાખલો મેળવવા માટે ધક્કા ખાઈ રહ્યા છે. તેમ છતાં તેમને દાખલો મળતો નથી. આ બાબતે અરજદારે રાજ્યના મુખ્યમંત્રી સુધી રજૂઆત કરી છે તેમ છતાં પરિણામ શૂન્ય રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સને ૧૯૯૫માં સિદ્ધપુર મામલતદાર કચેરી દ્વારા અરજદાર સિંધીને ભાષાકિય લઘુમતિ અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. આમ છતાં અરજદારના સંતાનોના અભ્યાસના કામે જરૂરી એવા ભાષાકિય લઘુમતિ અંગેનો દાખલો આપવામાં સંબંધિત સરકારી તંત્રો ફરજ પ્રત્યે ઘોર બેદરકારી દાખવીને સામાન્ય માનવીને એક દાખલા માટે પરેશાન કરી રહ્યા છે.

દરમિયાન દાખલો ન મળવાથી કંટાળેલ અરજદારે સત્વરે પ્રમાણપત્ર આપવામાં નહીં આવે તો પરિવાર સાથે અનશન અને પ્રતિક ઉપવાસ પર ઉતરવાની ચિમકી આપી છે.

## બ્યુટી પાર્લર જવા નીકળેલી રાંધેજા ગામની પરિણીતા દોઢ મહિનાથી લાપતા

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામના નાયક વાસ વિસ્તારમાં રહેતી પરિણીતા રેણુકાબેન સુરેશભાઈ પટેલ પોતાના ઘરેથી ૧૫ જુનના રોજ બપોરના સુમારે બ્યુટી પાર્લર જવાનું કહીને નીકળી હતી. આજે આ વાતને દોઢ મહિનાથી પણ વધુ સમય વીતી જવા છતાં તેણીનો કોઈ જ પત્તો લાગ્યો નથી કે તે ઘરે પણ પરત ફરી નથી. ચિંતિત પરિવારજનોએ કરેલી દિવસ-રાત શોધખોળ બાદ પણ તેણીના ક્યાયથી સગડ ન મળતા પરિણીતાના ગુમ થવા અંગે પરિવારજનોએ પેથાપુર પોલીસ મથકે જાણવાજોગ નોંધાવી છે.


ભાઈ-બહેનના હેતનુ પર્વ - રક્ષાબંધન નજીકના દિવસોમાં છે. બ્રહ્માકુમારીઝની બહેનોએ આજે એસ.ટી. ડેપોના મેનેજર સહીત ૧૦૦ જેટલા ડ્રાઈવર-કંડક્ટરોને હાથે રક્ષા બાંધી હતી.

# મોડાસામાં પીસ્તોલ સાથે પકડાયેલ આરોપીએ ૩ ગુના કબુલ્યા

અરવલ્લી જિલ્લાના મોડાસામાં બે દિવસ અગાઉ પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન એક પીસ્તોલ સાથે એક વ્યક્તિની પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો. આ વ્યક્તિ સામે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમ્યાન આરોપીએ પોતે રાજસ્થાનમાં ૧૦ લાખની લૂંટ કરી છે તથા મધ્યપ્રદેશમાં ટ્રેક્ટરની ઉઠાંતરી કરી છે. જ્યારે એક અન્ય જગ્યાએ ધાડનો ગુનો પણ કર્યો છે. આ તમામ ગુનાઓમાં સંડોવાયેલો છે. આ આરોપી જેની તેને કબુલાત કરેલી અને મોડાસામાં પણ મોટી લૂંટ કરવાના ઈરાદે આવ્યો હતો. પરંતુ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. આ તમામ ગુનાઓમાં તેને સાથ આપનાર બે અન્ય લોકો હજુ પોલીસ પકડથી દૂર છે. જેથી પોલીસે આરોપીના રીમાન્ડ મેળવી વધુ ગુના ઉકેલવાની તજવીજ હાથ ધરી છે અને બે ફરાર આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસામાં આ આરોપી મોટી ઘટનાને અંજામ આપવાના ઈરાદે આવ્યો હતો અને રાતના સમયમાં રેકી કરી રહ્યો હતો. પરંતુ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. જ્યારે પોલીસ દ્વારા આ આરોપીના રીમાન્ડમાં ઘણી બધી ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે અને હજુ આ આરોપી બીજા કેટલાય ગુનામાં સંડોવાયેલો હોય તેવું લાગે છે જેથી પોલીસ દ્વારા વધુ રીમાન્ડ માંગવામાં આવ્યા છે અને વધુ ગુનો ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## એસ.જી. પ્રાથમિક શાળામાં હેન્ડમેડ પેપરબેગ બનાવવાનો વર્કશોપ યોજાયો

ગાંધીનગરની કડી સંકુલમાં આવેલ એસ.જી. પ્રાથમિક શાળામાં બાળકોને પર્યાવરણ અંગે જાગૃતિ આવે અને બાળકોમાં રહેલી સર્જનાત્મકતા ખીલે તે આશયથી હેન્ડ મેડ પેપરબેગ બનાવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યમાં શાળાના બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. એસ.જી. પ્રાથમિક શાળાના ધોરણ ૫ થી ૮ના બાળકો માટે યોજાયેલ આ વર્કશોપમાં બાળકોએ દોરી, પીન, ગમ, સેલોટેપ, હેન્ડમેડ પેપર, સ્ટીકર વગેરેનો ઉપયોગ કરીને સુંદર પેબર બેગ્સ બનાવી હતી. આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં પ્લાસ્ટીકના ઉપયોગથી થતા ગેરફાયદા અને પર્યાવરણને થતું નુકસાન અંગે માહિતગાર કરી તેનો ઉપયોગ ન કરવા તેમજ કાગળની બેગનો ઉપયોગ કરવા જાગૃત કરવામાં આવ્યા હતા.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જિલ્લા કલેક્ટર તથા અરવલ્લી ટીમ દ્વારા જિલ્લાની મહત્વની જગ્યાઓની મુલાકાત લીધી હતી. અરવલ્લી ટીમે માઝુમ ડેમ તથા કકરાઈ માતાના મંદિરની મુલાકાત લીધી હતી. આ સ્પેશયલ વિઝીટ દ્વારા કકરાઈ માતાના મંદિરનો વિકાસ તથા માઝૂમ ડેમની હાલની જળ સપાટીનું નિરીક્ષણ કરવા અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ સહિતની ટીમે મુલાકાત લીધી હતી. આ વિઝિટમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ, મોડાસા પ્રાંત અધિકારી આનંદ આચાર્ય, ડેપ્યુટી કલેક્ટર, શામળભાઈ પટેલ, જિલ્લા પુરવઠો અધિકારી જશવંત જગોડીયા તથા મામલતદાર વિશાલ સકસેના હાજર રહ્યા હતા.

## શબ્દાવલી - ૫૪૬૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | |
| ૬ | | | ૭ | | ■ | | ■ |
| | ■ | ૮ | | | ■ | ૯ | |
| ૧૦ | | ■ | | ■ | ૧૧ | ■ | ■ |
| | ■ | ૧૨ | | ૧૩ | | ■ | ૧૪ |
| ■ | ૧૫ | | ■ | ૧૬ | | ૧૭ | |
| ૧૮ | | | ■ | | ■ | ૧૯ | |
| ■ | ૨૦ | | ■ | | ■ | ૨૧ | |

### આડી ચાવી

૧. આંચબીના ખાટા ફળ (૩)
૪. ચાંપ લાસપટ્ટી, ... કરવી (૪)
૬. ચોરીછુપીથી દારૂની હેરાફેરી કરનાર (૫)
૮. મુઠીયા જેવી એક વાનગી (૩)
૯. પ્રેમ, આશકી (૨)
૧૦. છરી, ચાકુ (૨)
૧૨. પાનખર (૪)
૧૫. ભેંસનું નર બચ્ચું (૨)
૧૬. ગતીવાળુ, ગતિશીલ (૪)
૧૮. ઝેર, ઇર્ષ્યા (૩)
૧૯. તળીયું, ઊંડાણ (૨)
૨૦. બે ટેકરીઓ વચ્ચે આવેલ સાંકડો માર્ગ (૨)
૨૧. અભિમાન (૨)

### ઊભી ચાવી

૧. મોટા ચણા (૫)
૨. કિનારો (૨)
૩. 'કોલેરા' શબ્દ આડોઅવળો (૩)
૪. વારતા રે વારતા... ભાભો ઢોર...(૩)
૫. પત્ની, ભાર્યા (૩)
૭. બેદરકારી (૪)
૧૧. માઠી દશા, ચડતી... (૩)
૧૨. પાડોશમાં રહેતી સ્ત્રી (૪)
૧૩. ખુબ ઝગડે તેવું (૪)
૧૪. હદ વગરનું (૪)
૧૫. ડોલી, સુખપાલ (૩)
૧૭. શોકની રડાકૂટ (૩)

### શબ્દાવલી ૫૪૬૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ધુતકાર (૪) કળથી (૬) સફળતા (૭) વાદ (૮) રગડા (૧૦) ગીતા (૧૧) પાજી (૧૨) રવ (૧૩) છાબડી (૧૫) વીરપસલી (૧૭) ણચલ (૧૮) આંચલ (૨૦) અકળ


**ઊભી ચાવી :-** (૧) ધુર્ત (૨) કાસદ (૩) રફ (૪) કતાર (૫) થીગડા (૭) વાતાવરણ (૯) ગજબ (૧૦) ગીરવી (૧૧) પારસલ (૧૪) ડીઝલ (૧૬) પચવુ (૧૮) આંક (૧૯) ચળ

## વિચારોનાં મધુવનમાં.... ● બીજા પાનાનું ચાલુ

માટેનાં ફાફા છે. જયાં સુધી દેસનો પ્રત્યેક નાગરિક એવું નહિં સમજે કે ભારત મારો દેશ છે અને તેનાં તમામ નાગરિકો મારા ભાઈબહેન છે. પણ આ સમજ કયારે નિર્માણ થાય? આજે જયારે ઈઝરાયેલ કે ચીનની વાત કરીએ તો તેમના વિકાસ પાછળ તેમના પોતાના ચોક્કસ સિદ્ધાંતો અને વિચારશૈલીઓ કામ કરી રહી છે. બિલકુલ કોઈ જીવન શૈલી વિનાનો અને સંજોગો પ્રમાણે અદલાબદલી કરતો કોઈ દેશ વિકાસ કરી શકે? આપણી કોઈ નીતિ છે? આપણી પાસે આખા વિશ્વને આપવા જેવા સિદ્ધાંતો છે. પણ આપણે છાસ લેવા જેવું છે અને દોણી સંતાડવી હશે તો તે નહિ ચાલે.

અભાવગ્રસ્ત ભારતમાં હમણાં કાશ્મીરમાં બની ગયેલી ઘટના : સાંભળો એક દર્દનાક અવાજમાં 'એ દિવસો સવારે હું અને મારા પિતા બાલતાલમાં સવારે લંગરમાં જમી રહ્યા હતા. અચાનક જ અમારા લંગર પર પથ્થરોનો વરસાદ શરૂ થઈ ગયો અને ચારેય બાજુ રોક્કળ અને ચીસા-ચીસ મચી ગઈ. મારા પિતાજીએ સિલિન્ડરોની પાછળ છુપાઈ પોતાનો જીવ બચાવ્યો. મારી મા અને અન્ય કેટલીય મહિલાઓ લાકડાના મેજની પાછળ છુપાઈ ગઈ. આ શબ્દ છે અમરનાથની યાત્રા પરત આવેલા ચંડીગઢના અમોલપુરીના. તે કહે છે કે પૂરા ત્રણ કલાક ત્યાં માત્ર ને માત્ર કટ્ટરવાદીઓનું રાજ હતું. અમને તો લાગતું જ હતું કે અમે જીવતા બચી શકીશું. કાશ્મીરીઓએ અમારી સામે જ બે ડઝન જેટલાં ભંડારા અનં તંબુઓમાં આગ લગાવી દીધી અને અમારી સાથે બેધડક લૂંટફાટ કરી. તેઓ દાનપેટીઓ પણ તોડવા માંગતા હતા, પરંતુ ન તોડી શકતાં તેને પણ આગને હવાલે કરી દીધી. તેઓ જાણે સંપૂર્ણ તૈયારી કરીને આવ્યા હોય તેમ એક પછી એક સિલિન્ડરો અને જનરેટરોને પણ આગ લગાડી રહ્યા હતા. ત્યાં જમ્મુ-કાશ્મીર પોલીસ હતી પણ તેમને તો આ બધું જોવાની જાણે કે મજા આવતી હતી. ઉલટાનું તેઓ હુમલો કરનાર કાશ્મીરીઓને સાથ આપી રહી હતી અને તેમને લૂંટો તો ખરા જ, પરંતુ યાત્રીઓને પણ મજા ચખાડો તેમ જણાવી રહી હતી. અહીંના તમામ ભંડારાને કાશ્મીરીઓએ પોતાના કબજામાં લઈ લીધા હતા, કોઈ પણ ડર વગર તેઓ આરામથી ભંડારાને લૂંટી રહ્યા હતા. ભંડારાની અંદર લાગેલા મોટા-મોટા એલઈડી ટીવી અને ભગવાનની મૂર્તિઓને પણ તેઓએ છોડી ન હતી. અમારા ભંડારામાં ૩૦ લાખ રૂપિયા દાનમાં હતા, પરંતુ તેને પણ આગના હવાલે કરી દેવામાં આવ્યા. સ્વતંત્રતાને આટલા વર્ષો પછી પણ હજી આપના દેશના એક ધાર્મિક સ્થાને પહોંચવા માટે સૈન્યની જરૂર પડતી હોય તો શું સમજવું? તેનો ઉપાય એક જ છે. બાળકોમાં દેશાભિમાનની લાગણી ભરી દો અને દેશની સમસ્યાઓની સામે લડતા શીખવાડો.'

બીજા દશ્યને તો આપણે સતત જોતા જ રહીએ છીએ. જેમાં આપણા દેશનો ઉચ્ચ અને અતિ ધનાઢ્ય વર્ગ આવે જેને રોજની આવક અને જાવકની પડી નથી. અમર્ત્ય સેને આધુનિક ભારતના સંસ્કૃતિને તેની ઐતિહાસિક પરંપરાઓ ને લીધે એક જટિલ મિશ્રણ ગણી છે. ગઈ સદી અને વર્તમાન પશ્ચિમી સંસ્કૃતિ પર સંસ્થાવાદ અસરોનો પ્રભાવ હતો.



# ચિલોડા સર્કલે પડેલા જોખમી ખાડાઓ પુરવામાં આવ્યા

## દર વર્ષની જેમ આ વર્ષે પણ થીગડાથી કામ ચલાવાયું : ગ્રામજનો અને વાહનચાલકો કાયમી ઉકેલ ઝંખી રહ્યા છે

ચિલોડા ખાતે નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ સર્કલ પાસે વરસાદના કારણે પડી ગયેલા મસમોટા ખાડાઓને તંત્ર દ્વારા પુરવાની કામગીરી હાથ પર ધરવામાં આવી હતી. અહીં એક જ તરફનો ઢાળ હોવાથી વરસાદી પાણીનો ભરાવો થાય છે અને તેના નિકાલની કોઈ યોગ્ય વ્યવસ્થા ના હોવાથી લાંબા સમય સુધી ખાબોચીયું ભરાઈ રહેવાથી પાણી જન્ય જંતુઓનો ઉપદ્રવ પણ થાય છે અને વાહનચાલકો પણ મુશ્કેલીમાં મુકાય છે.

ચિલોડા સર્કલ પર પાણી ભરવાના લીધે જોખમી ખાડા પડી ગયા હતા અને અતિવ્યસ્ત સર્કલ હોવાથી વાહનચાલકો માટે ખૂબ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો હતો. છેલ્લા બે દિવસ દરમ્યાન વરસાદ અટકી જવાથી તંત્ર દ્વારા આ ખાડાઓને પુરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે આ કાર્યવાહી દર વર્ષે ચોમાસામાં કરવાનો શિરસ્તો બનીગઈ છે. પરંતુ પ્રજા દ્વારા આ સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેવા પગલાં લેવા આશા રખાઈ રહી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડે મુખ્યમંત્રી, નાણામંત્રીનો આભાર માન્યો

ગાંધીનગર, તા. ૫

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા ગ્રામ કક્ષાએ રોજગારી પુરી પાડવાનું કાર્ય કરે છે. ત્યારે ગ્રામ્યકક્ષાએ હાથશાળ કારીગરો વધુ આવક મેળવી પગભર થાય તે માટે સરકારમાં રજૂઆતો કરવામાં આવી હતી. તે રજૂઆતોનો મંજૂર કરવામાં આવતા બોર્ડ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

રાજ્યના ગામડાઓમાં ૧૦૦૦ નંગ અંબર ચરખા અને ૧૦૦ નંગ હાથશાળોની જરૂરત હોઈ બોર્ડ દ્વારા સરકારમાં રજુઆત કરવામાં આવીહતી. ગ્રામ્ય કક્ષાએ કાંતનાર તેમજ વણનારને રોજગારીનો લાભ મળે તે હેતુથી માંગણી કરવામાં આવી છે. જેને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, નાણામંત્રી સૌરભભાઈ પટેલ દ્વારા મંજુર કરવામાં આવી છે. ત્યારે ૧૦૦ લાખ મંજૂર કરવામાં આવતા ગ્રામ્યકક્ષાએ રોજગારી વધશે જેથી બોર્ડ દ્વારા મુખ્યમંત્રી અને નાણા મંત્રીનો આભાર વ્યક્ત કર્યો છે.

## બંટી-બબલીનો હાથફેરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પેન્ડલ આશરે રૂ.૪૮ હજારનો માલ ધીરેથી નજર ચૂકવીને બંટી-બબલીએ સેરવી લઈ હાથફેરો કરી નાંખ્યો હતો. અને થોડી વાર રહીને તે બંને ચાલ્યા ગયા હતા. વેપારીને જાણ થતા તેમને સીસીટીવી કેમેરા ચેક કર્યા ત્યારે ખ્યાલ આવ્યો કે બંટી બબલી કરામત કરી ગયા છે. અરવિંદકુમાર શાંતિલાલ લોઢાની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ચોરીનો ગુનો દાખલ કરીને સીસીટીવી ફૂટેજ મેળવી તેને આધારે પીએસઆઈ અસારીએ તપાસ શરુ કરી છે.

## રોગચાળાએ માથુ ઉચકતાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર જિલ્લામાં વરસાદી માહોલ છવાયેલો હોવાથી મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ વાતાવરણ હોવાથી આ વર્ષે મેલેરિયાના કેસો વધી શકે તેવી શક્યતાઓ છે.

જિલ્લામાં આરોગ્યતંત્રએ આ વખતે જન જાગૃતિ અભિયાન પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. દરમ્યાન રાજ્ય સરકારે પણ ચોમાસાની સીઝનને લઈ તૈયાર કરેલ એક્શન પ્લાન અને તેના અમલીકરણ અંગે અહેવાલ તંત્ર પાસે માંગ્યો હોવાનું પણ જાણવા મળેલ છે.